ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૦૪ | ૧૪ જાન્યુઆરી, ૨૦૧૪, મંગળવાર; પોષ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

ભારત પોલીયો મુક્ત બન્યું : ડબલ્યુ એચ ઓ

ભારત જેવા વિશાળ દેશમાં

પોલીયો રસીકરણની ઝુંબેશને ખુબ અસરકારક બનાવાઈ છે. જેના સારા પરિણામો પ્રાપ્ત થયા છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સમગ્ર દેશમાંથી એક પણ પોલીયોનો કેસ ન મળતા વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુ એચ ઓ) એ ભારતને પોલીયો મુકત જાહેર કરવાનો નિર્ણય લીધો છે. જો કે આગામી બે વર્ષ સુધી સમગ્ર દેશમાં સઘન પોલીયો રસીકરણ કાર્યક્રમ ચાલુ રહેશે કારણ કે પાકિસ્તાન, અફઘાનિસ્તાન જેવા પાડોશી રાજયોમાંથી તેના ચેપનો ભય વધુ છે.

સલમાન ખાન ચેરિટી માટે ફિલ્મ બનાવશે

ફિલ્મ અભિનેતા સલમાન ખાનનું નામ ચેરિટી માટે પણ જાણીતું છે. સલમાન ખાન બીઈંગ ફાઉન્ડેશન

દ્વારા સમાજ સેવાની કામગીરી કરે જ છે. હવે તે જરૂરતમંદોને સહાય કરવા નોખો માર્ગ પણ અપનાવશે. તેણે હવે જાતે એક ફિલ્મનું નિર્માણ કરવાનું નક્કી કર્યું છે. ફિલ્મના ખર્ચ અને આવક પર ટેકસ કપાત બાદ બચેલી રકમનો તે ચેરિટી માટે ઉપયોગ કરશે. તેની આ ફિલ્મ વર્ષાંતે રજૂ થશે. સલમાન ફિલ્મમાં કામ કરશે કે નહીં તે બાબતે હજુ અનિશ્ચિતતા છે.

ગાંધીનગરસમાચાર અંકબંધ

આજે મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૧૪ને મંગળવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૧૫-૧-૨૦૧૪ને બુધવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક, અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી છે.

- વ્યવસ્થાપક

ડોર ટુ ડોર કલેક્શનનો પ્રોજેક્ટ અટવાયો

વિટકોસના સંચાલકોને શરતભંગની નોટીસ આપવા સ્થાયી સમિતિનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરની આંતરિક વાહન-વ્યવહાર ચલાવતી સંસ્થા વિટકોસના સંચાલકોને કારણદર્શક નોટીસ શરતભંગની આપી રૂબરૂ ખુલાસો માટે બોલાવવા આજે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ નિર્ણય કર્યો છે.

આશિષ દવેના અધ્યક્ષપદે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં વિટકોસના સંચાલકો સામેની ફરિયાદોનો મુદ્દો ચગ્યો હતો. ઘણા કાઉન્સીલરોએ બસ સંચાલનના સમય-પત્રક તેમજ ટિકિટો જે તે સ્ટેન્ડની નહિ અપાતી હોવા ઉપરાંત સેક્ટરોમાં આંતરિક બસ સંચાલન નહિ થતુ હોવાની કરી અને રોષ વ્યક્ત કર્યો હતો.

ચેરમેનશ્રી આશિષ દવેએ સભ્યોની ફરિયાદને ગંભીરતાથી લઈ તંત્રના અધિકારીઓને શરતભંગની નોટીસ આપી રૂબરૂ ખુલાસા માટે રજુ થવા જણાવવું તેવી સૂચના આપી હતી.

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકે ડોર ટુ ડોર સોલિડ વેસ્ટ કલેક્શન પ્રોજેક્ટ માટે રિટેન્ડરીંગ કરવાનો નિર્ણય પણ કર્યો હતો. આ ઉપરાંત શહેરના પશ્ચિમ વિભાગ તેમજ પૂર્વ વિભાગના માર્ગોની સફાઈ માટે ૬ માસ માટેના ટેન્ડર મંજૂર કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

પતંગ બજાર છલકાયું - ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ ગાંધીનગરનું પતંગ બજાર ગ્રાહકોથી છલકાયું હતું.... ગુજરાત અને ગુજરાતીઓનું પ્રિય પર્વ એટલે ઉત્તરાયણ... પતંગ ચગાવવો, પતંગ કાપવો અને પતંગ લૂંટવો આ ધાબા પરની ઉત્તરાયણની મસ્તી છે... દોરી અને પતંગની પસંદગી ખૂબ કાળજીપૂર્વક કરતો ગુજરાતી વધુ પતંગ કાપવાની હોડમાં લાગી જાય છે... પતંગ ઉપરાંત બુમાબુ, ચીસાચીસ, આનંદ ઉલ્લાસની છોળો... સાઉન્ડ સીસ્ટમ પર ગીતો વગાડવા સાથે અનેકવિધ અવાજો કરતાં પીપૂડા વગાડવા જેવી મસ્તી ગુજરાતના ઘરેઘર સાથે સંકળાયેલી છે... હવે તો ફટાકડા ફોડવાની પણ નવી પેટર્ન શરૂ થઈ છે... (તસવીર : દિપક જાની)

મનપા કમિશ્નર સહિત ૩ સનદી અધિકારીઓ બદલાયા

લલિત પાડલિયા ચૂંટણીપંચમાં નિમાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશ્નર શ્રી લલિત પાડલિયાની બદલીના હુકમો આજે સામાન્ય વહીવટ વિભાગે કર્યા છે.

સામાન્ય વહીવટ વિભાગે ૩ સનદી અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે. જે અધિકારીઓની બદલી કરવામાં આવી છે તેમાં શ્રી લલિત પાડલિયા, શ્રી અશ્વિનકુમાર અને એ. અગ્રવાલનો સમાવેશ થાય છે.

આ ત્રણેય અધિકારીઓને લોકસભાની આવી રહેલી ચૂંટણી સંદર્ભે ચૂંટણી પંચમાં ફરજો માટે નિમણુંક આપવામાં આવી છે. આ ત્રણેય અધિકારીઓ આગામી એક-બે દિવસમાં તેમની નવી ફરજનો ચાર્જ સંભાળશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મ્યુનિ. કમિશ્નર તરીકે

● અનુસંધાન પાન-૭ પર

બે દિવસમાં બે મોટી ઘરફોડ

પેથાપુર અને કુડાસણની સોસાયટીમાંથી ઘરફોડ ચોરો ૮.૩૧ લાખના દાગીના સાફ કરી ગયા : સંખ્યાબંધ એક્શન પ્લાન વચ્ચે પોલીસનું નાક વાઢતા ગુનેગારો

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યનું પાટનગર ગાંધીનગર જ્યાં મુખ્યમંત્રીનું નિવાસસ્થાન અને કાર્યાલય બન્ને આવેલું છે તે જ ગાંધીનગરમાં ગુનેગારો બિન્દાસ્તપણે ગુનાઓ આચરીને બેકૌફ બન્યા છે. વીવીઆઈપીની સરભરા અને બંદોબસ્તમાં મગ્ન જિલ્લા પોલીસના સંખ્યાબંધ કાગળ પરના કહેવાતા એક્શન પ્લાનની ઐસી કી તૈસી કરીને ગુનેગારો પોલીસનું નાક વાઢી રહ્યા છે...! છેલ્લા અઠવાડિયામાં મર્ડર, ચિલઝડપ, ઘરફોડ, વાહનચોરી, ચેઈન સ્નેચિંગ તમામ ગુનાઓ બની ગયા અને પોલીસ હજુ તમામ ગુનાના આરોપીઓ શોધી જ રહી છે..! બે દિવસમાં બે ઘરફોડ ચોરીઓમાં મોટી માલમત્તાનો હાથફેરો તસ્કરો કરી ગયા છે. તોય જાણે પોલીસના પેટનું પાણી હાલતુ નથી..!

પેથાપુરની એક સોસાયટીમાં તસ્કરોએ ગઈકાલે રાત્રે મોટો હાથફેરો કરીને મકાનમાંથી રૂ. ૪.૨૦ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રોકડ ઉઠાવ્યા હતા. આ ફરીયાદની તપાસ માટે મોકલેલી પોલીસના ડૉગની જમીન પર પડેલી લાળ હજુ સુકાઈ નથી ત્યાં કુડાસણ ગામની સીમમાં સ્થિત હરીઓમ બંગ્લોઝમાં મોટી ઘરફોડ થવા પામી છે. પ્રજામાં ભયંકર ખૌફ પેદા કરી દેનાર પોલીસ હજુ ગુનેગારોમાં ખૌફ જન્માવી શકી નથી..!

બાપુનગરની ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને કુડાસણ ખાતે હરીઓમ બંગ્લોઝ નં. ૪ ખાતે રહેતા મુકુંદભાઈ કાંતિભાઈ પટેલના દિકરાના લગ્ન બે માસ પહેલા

● અનુસંધાન પાન-૭ પર

ઉભરાતા ખારકુવાનો સચોટ ઉપાય

બાયોટેકનોલોજી પદ્ધતિ દ્વારા વારંવાર ક્લીયર કરાવવાની ઝંઝટમાંથી કાયમી ધોરણે મુક્તિ મેળવવા માટેનો સચોટ ઉપાય : મનોજભાઈ પટેલ

Coalesce Water Solutions 98250 20331, 97254 40807 | 211, Circle P Bldg. S.G. Rd, A'bad. Ph.079-25501402,26937026

WORLD BIG Cinemas

NOW SHOWING

R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Dedh Ishqiya (U/A) - 10.30 am, 1.30, 4.30, 7.30 & 10.30 pm
Yaariyan (U/A) - 10.15 am, 1.15, 4.15, 7.15 & 10.15 pm
Dhoom 3 (U/A) - 11.30 am, 3.00, 6.30 & 10.00 pm *schedule subject to change
telebooking 09377458281/09377458431 | www.bigcinemas.com | facebook.com/BigCinemasIndia

પ્રથમ પુણ્યતિથિએ
અંજલી

ગ્રીષ્મા બાબુ
(સ્વર્ગવાસ તા. ૧૫-૧-૨૦૧૩)

અશ્રુભીની આંખથી નિરખુ હું તમને ઘડી ઘડી
વેદના ભર્યા અંતરેથી ઈચ્છુ હું તમને ઘડી ઘડી
કંઈક વાદળ તમારી યાદના, મુજ હૃદય આકાશે ઉડ્યા કરે.
કંઈક પડછાયા તમસ્મરણના, મુજ આજુબાજુ ફર્યા કરે.
ભૂતકાળની અટરીએ, જ્યાં મુજ દૃષ્ટિનું કિરણ પડે,
તમસંગે ગુજારેલ પળો, ક્ષણભર ઉરે ઉમટી પડે.
રોકું હું ઘણા અશ્રુઓને, છતાં ના રોક્યા રહે,
અમારા નયનેથી ઓ 'અંજલિ' અશ્રુ પ્રવાહ વહ્યા કરે.

લિ.
પપ્પા ● મમ્મી ● દીદી

રાધે Prem Ni Mithaas

શુદ્ધ ઘીની કેસરયુક્ત
શુદ્ધ ઘીની, પનીરની
જલેબી

ગાંધીયું
(સ્વામિનારાયણ / જૈન મળશે)
લીલવાની કચોરી

સીંગ, તલના લાડુ તથા ગજક/ચિક્કી

Sister Concern Ventures :
Radhe Sweets and Snacks
Ch-Road, Sector-11, Contact No. (+91) 792 324 9596
Radhe Sweets and Namkeen
Sector-21, Contact No. (+91) 792 323 4840
Sukhadia Sweet Mart
Nr. Gh-6 Corner, Sector-29, Contact No. (+91) 792 3221689

Follow us on
www.premnimithaas.com
talk2us@premnimithass.com

ગાંધીનગરમાં ધૂમ મચાવી રહેલુ શહેરનું સર્વશ્રેષ્ઠ મનોરંજન !!
રાજમહેલ સર્કસ
રોજ 3 શો ૧-૪-૭ વાગે
વિદેશી કલાકારો ના હૈરતભર્યા પ્રયોગો આપના પરિવાર સાથે જુઓ.
ગ્રુપ અને સ્કુલ બુકીંગ માટે સંપર્ક કરો
Mobile: 9016515361

ટીકીટ દર : ૨૦૦/-, ૧૫૦/-૧૦૦/-, ૫૦/- એડ. બુકીંગ : ૨૦૦/- નું સવારે ૯ થી સાંજે ૭
સ્થળ: નવરાત્રી મેદાન, એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, ગાંધીનગર

બંગલો વેચવાનો છે
4 BHK,
પારીજાત હોમ્સ
સરઘાસણ ચારરસ્તા પાસે,
ખ રોડ, ગાંધીનગર
Mobile
9825032784